મહેસાણા નગરપાલિકાની સાધારણ બોર્ડમાં મામલો વધુ ઉગ્ર બન્યો

ભાજપ અને સત્તાધારી પક્ષ કોંગ્રેસ આમને સામને

મહેસાણા, તા. ૧૫

મહેસાણા નગરપાલિકામાં આજે સાધારણ બોર્ડમાં મામલો વધુ ઉગ્ર બનવા ગયો હતો. ભાજપ અને સત્તધારી પક્ષ કોંગ્રેસ બન્ને આમને સામને આવી ગયા હતા. જેમાં મહેસાણાના વિકાસ સહીત ખાસ કરીને પરા તળાવ અને મહેસાણા ટાઉનહોલ સહીત વિવિધ કમિટીમાં કલમ ૨૫૮ અંતર્ગત મામલો આમને સામને રહેવા ગયો હતો. જેમાં કમિટીની રચનાને લઈને મામલો વધુ ઉગ્ર બનતા પાલિકાના સભાખંડમાં તુતુમેમેના દૃશ્ય સર્જાયા હતા.

મહેસાણા નગરપાલિકામાં આજે ઘણા વિવાદ બાદ આજે સાધારણ સભા મળી હતી. મહેસાણાના બોર્ડ રૂમમાં આજે ખાસ કરીને કોંગ્રેસના દરેક સભ્યને અઢી વર્ષની કમિટીને સવા વર્ષ કમિટીઓ કોંગ્રેસ દ્વારા આપવાના મામલે મામલો વધુ ઉગ્ર બનવા ગયો હતો. જેમાં પાલિકાના કમિશ્નર દ્વારા આ કમિટીના ઠરાવને સુસંગત કરવા કરેલી આજે કોંગ્રેસની સાધારણ સભામાં ભારે ગયો હતો. જેમાં વિરોધ પક્ષે ધારદાર રજુવાત ભાજપ તરફી કરવા સહીત કમિટીની રચના નવેસરથી કરવા કાટો રદ કરવાના

નિયમો બોર્ડ રૂમમાં મુક્તા મામલો બન્ને પક્ષે તુતુમેમે પર આવ્યો હતો. જયારે મહેસાણાના ટાઉનહોલમાં એક કોંગ્રેસના કોર્પોરેટ સહીતના મુદ્દે અને ટાઉનહોલને બારોબાર ૨૧ હજારના ભાડામાં આપી દેવા મામલે કોંગ્રેસ અને ભાજપ આમનેસામને આવી ગયા હતા. કૌશિક વ્યાસ વિરોધ પક્ષ ભાજપે જણાવ્યું હતું. મહેસાણા નગર પાલિકામાં પ્રથમવાર પાલિકા કોંગ્રેસની બની હતી જેમાં આંતરિક જૂથવાદને પગલે કમિટી સહીત ચેરમેન બનવાની લાહયમાં કોંગ્રેસમાં મામલો વધુ ઉગ્ર બનવા ગયો હતો.

જેમાં કોંગ્રેસે મામલો થાળે પાડવા માટે મહેસાણા નગરપાલિકામાં એક વર્ષ અને સ્વસ્વ વર્ષ મામલે કમિટીની રચના કરી હતી અને જે અંગે ઠરાવો પણ કર્યા હતા જયારે મહેસાણા નગરપાલિકામાં કમિટીઓની એક વર્ષની મુદત કરતા ઠરાવને કાયદાથી સુસંગત ન હોઈ કમિટીઓનો ઠરાવ પ્રાદેશીક કમિશ્નર કચેરીએથી સ્થગિત કરાઈ હતી. ત્યારે આજે સોમવારના રોજ બેઠકમાં જૂના ઠરાવમાં સુધારો કરીને કમિટીઓની મુદત અઢી વર્ષની કરતો સહીતના મામલે ઠરાવ અંગે આજે ઘમાસાણ થયું હતું પરંતુ આ સમગ્ર મામલો હવે બીજા બોર્ડ પર મુલતવી રાખવામાં આવ્યો છે અને નવેસરથી કમિટીની રચના કરવા હાકલ કરી છે. આ ઉપરાંત ટેન્ડર કામોને લઈને અને સિટીબસ સહીત ડમ્પિંગ સાઈટ અને તળાવના મુદ્દે આજે બોર્ડ ૪ કલાકની સમકક્ષ ચાલ્યું હતું. ઘનશામ સોલંકી પાલિકા પ્રમુખ મહેસાણાએ જણાવ્યું હતું. મહેસાણા નગરપાલિકા કોંગ્રેસની બન્યા બાદ વિવાદોમાં જ રહેવા ગઈ છે અને આજે ફરીવાર વિકાસને બાદ કરતા જૂથવાદના મામલે કોંગ્રેસના જ ચૂંટાયેલા સભ્યોના બે મતને લઈને મામલો આજે અવળી ગંગામાં જોવા મળતા આજે પણ જૂથવાદને પગલે બોર્ડ આજે ૪ કલાકથી વધુ ચાલ્યું હતું અને રહી જતું હોય તેમ ટાઈમ વધુ થવાના પગલે અમુક કોર્પોરેટર બોર્ડરૂમ છોડીને ચાલતી પણ પકડી હતી જે મામલે આજનું બોર્ડ પણ વિવાદમાં રહેવા ગયું હતું.

પ્રાંતિજ ખાતે વરસાદ માંગવા મહિલાઓ શિવ મંદિરે જઇ શિવલીંગને પાણીમાં ડુબાડ્યુ

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં મેઘરાજાએ હાલ રીસામણાં લીધા છે. ત્યારે પ્રાંતિજ

ખાતે મહિલાઓ દ્વારા મેઘરાજાને મનાવવા માટે ઢુઢીયા બાવજીની મૂર્તિ બનાવીને માથે બેડા મૂકીને વાજતેગાજતે શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને શિવલીંગને પાણીમા ડુબાડ્યુ હતુ.

હાલ ગુજરાતભરમાં મેઘરાજાએ રીસામણાં લેતા જગતના તાત સહિત સૌ કોઈ ચિંતીત છે. ત્યારે પ્રાંતિજ નાની ભાગોળ ખાતે રહેતી પટેલ સમાજની મહિલાઓ દ્વારા વરસાદ માંગવા માટે ઢુઢીયા બાવજીની મૂર્તિ બનાવી પટેલવાસમાં ઘરે ઘરે ફરી પ્રાંતિજ ખાતે નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે ત્રણ કિલોમીટર સુધી વાજતેગાજતે ઢોલનગારાં સાથે માથે બેડું મૂકીને વરસાદ માંગવા ભગવાન શિવને રીઝવવા નિકળી હતી. નગરપાલિકા મહિલા પ્રમુખ ગીતાબેન પટેલે પણ ઢુઢીયા બાવજીને પોતાના માથા ઉપર ઉચકીને વરસાદ માંગવા શિવ મંદિરે પહોચ્યા હતાં અને શ્રી માર્કડેશ્વર મંદિર ખાતે જઈને ભગવાન શિવજીને ડેગરીએ ડેગરીએ પાણી ભરીને શિવલીંગને પાણીમા ડુબાડ્યુ હતું અને મંદિરમાં ઘંટરણકાર કરીને ભર બપોરે ભગવાન ભોલેને વરસાદ આપવા જગાડ્યા હતા. મંદિર સંકુલમાં મહિલાઓ દ્વારા

ભજન, રામધૂન પણ બોલાવી હતી અને ભગવાન શિવને વરસાદ આપવા માટે આજીકા કરી હતી.

પ્રાંતિજ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં આયુવેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે પ્રાંતિજ જાયન્ટસ ગ્રૂપના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં જાયન્ટસ સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, જાયન્ટસ પ્રમુખ નિખિલભાઈ સુખડિયા, વજેશભાઈ ભાવસાર, હિરેનભાઈ સોની, મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, પિયુષભાઈ ભાવસાર, ફોરેસ્ટ અધિકારી ગણપતભાઈ દેસાઈ, જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલના મેદાન સંકુલમાં શાળાના બાળકો તથા ઉપસ્થિત મહેમાનો તથા સ્કુલના પ્રિન્સિપાલ ભામીનીબેન શેઠ, દક્ષિલભાઈ દેસાઈ સહિત શાળા સ્ટાફ દ્વારા આર્યુવેદિક વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મોડાસા હજીરા ત્રણ રસ્તા પર એસટી બસ પાછળ રીક્ષા ઘુસી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ખાનગી વાહન ચાલકો મુસાફરોને ઠસોઠસ ભરી રૂપિયા કમાવવાની લાલચમાં બેફામ વાહનો હંકારી અકસ્માત સર્જી મુસાફરોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. મોતની મુસાફરી કરાવતા ખાનગી વાહનચાલકો વધુ નાણાં કમાવવા દરરોજ વધુ ટ્રીપ મારવાની લાહ્યમાં પુરઝડપે વાહન હંકારતા હોવા છતાં આરટીઓ અને ટ્રાફિકતંત્ર ધૃતરાષ્ટ્ર નીતિના પગલે ટ્રાફિકના નિયમોનો સરેઆમ ઉલાળિયો થઈ રહ્યો છે. મોડાસા હજીરા વિસ્તારમાં એસટી બસ પાછળ છકડો રીક્ષા ઘુસી જતા રિક્ષામાં સવાર ત્રણ વિદ્યાર્થીનીઓ ઈજાગ્રસ્ત થતા ભારે અફડાતફડી મચી હતી.

સોમવારે, મોડાસા હજીરા ત્રણ રસ્તા પર વળાંકમાં હિંમતનગરથી ઢેકવા જતી એસટી બસ ઉભી હતી. પાછળથી પુરઝડપે હંકારી રિક્ષાના ચાલકે બસ સાથે ભટકાવી દેતા રિક્ષામાં બેઠેલી ત્રણ વિદ્યાર્થીનીઓના

શરીરે ઈજાઓ પહોંચતા આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ ત્રણે વિદ્યાર્થીનીઓને અન્ય ખાનગી વાહન મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડી હતી. સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસ તંત્ર ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શ્રી મોડાસા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૧૫

શ્રી મોડાસા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળ મોડાસા દ્વારા તેજસ્વી તારલા તથા નવનિયુક્ત કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં વિધાર્થીઓ અને નવનિયુક્ત સરકારી કર્મચારીઓને શિલ્ડ, મોમેન્ટો અને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહન આપ્યું હતું.

ડૉ.બાબા સાહેબ આંબેડકરના આર્શિવાદથી શિક્ષણના બંધારણીય અધિકાર મેળવીને કારકિર્દી ઉજ્જવળ બનાવનાર તેજસ્વી તારલાઓ અને નવનિયુક્ત કર્મચારીઓને પ્રોત્સાહિત અને શુભેચ્છા આપવા માટે મોડાસા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળ દ્વારા ધોરણ દસમાના સતાવિસ વિધાર્થીઓ, ધોરણ બારમાના સાડત્રીસ વિદ્યાર્થીઓ અને ગ્રેજયુએટ, બીએસસી, એમએસસી, ડોક્ટર, સીએ, રમતગમત ક્ષેત્રે છાસઠ વિદ્યાર્થીઓને અને નવનિયુક્ત ત્રેસઠ સરકારી કર્મચારીઓને મોમેંટો, શિલ્ડ અને પ્રમાણપત્ર સમારંભના અધ્યક્ષ મોડાસા

ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અધિક કલેકટર આર.કે. રાઠોડ, સબલપુર ગામ સરપંચના હસ્તે અર્પણ કરાયા હતા. તેમજ સરકારી ક્ષેત્રે નવનિયુક્ત થયેલ સડસઠ કર્મચારીઓને શિલ્ડ, મોમેંટો અને પ્રમાણપત્ર આપીને શુભેચ્છાઓ આપી હતી. સમારંભના અધ્યક્ષ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને મુખ્ય મહેમાન તરીકે રાકેશભાઈ શાહ, ડો. અશ્વિનભાઈ રાઠોડ, રવિભાઈ રાઠોડ, હાજર રહીને વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમા રસ લઈને જિંદગીમાં સદા ઉન્નતિ થાય તેવા સંદેશો આપ્યો હતા અને વિદ્યાર્થીઓને શિલ્ડ, મોમેન્ટો અને પ્રમાણપત્ર આપ્યા હતા. આ સર્વ સન્માન સમારોહનું આયોજન મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળના સહિયારા સહયોગથી કરવામાં આવ્યું હતું.

નાઈજેરીયન ગેંગના આરોપીને પકડી પાડતી સાયબર સેલ મહેસાણા તથા વિસનગર શહેર પોલીસ

મહેસાણા, તા. ૧૫

વિસનગર શહેર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૭/૧૯ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫,

૪૬૭, ૪૭૧, ૪૮૪ તથા આઈ.ટી. એક્ટ ૬૬સી, ૬૬ ડી ના કામના ફરીયાદી સાથે તહોમતદારોએ ફેસબુક મારફતે પરીચય કેળવી વિશ્વાસમાં લઈ જુદા જુદા બહાના હેઠળ ઠગાઈ કરવાના હેતુથી અલગ અલગ નામના અલગ ખાતામાંથી રૂ. ૭૫,૬૦,૮૯૯ જમા કરાવી ઠગાઈ કરી ખોટા ઈ-મેઈલ મોકલી તથા સી.બી.આઈ.ના નામના ઈ-મેઈલ બનાવી સી.બી.આઈ. ડાયરેક્ટરનો હોદ્દો ધારણ કરતો મેઈલ બનાવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી ઠગાઈ કરી ગુન્હો કરેલ છે.

જે બાબતે પોલીસ અધિક્ષક નિલેષ જાજડીયા મહેસાણાએ આ ગુન્હો ડીરેક્ટ કરી આરોપી પકડી પાડવા સુચના કરતા તેઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. સી.વી.નાયક તથા સાયબર સેલ ટીમના માણસોથી વધુ ઊંડાણપૂર્વક અને ટેકનીકલ સોર્સીસથી તપાસ કરવા સારૂ પો.સ.ઈન્સ. એમ.આર. ગામેતી તથા પો.સ.ઈ. એન.પી. રાઠોડ વિસનગર શહેર પોલીસ તથા સાયબર સેલની સંયુક્ત ટીમ બનાવી દિલ્હી ખાતે ઈલેક્ટ્રોનીક માધ્યમથી ફ્રોડ થયેલાનું જણાઈ આવતા ફરીયાદીના નાણાં દિલ્હી ખાતે 'ઈ-કોમર્સ સાયબર સોલ્યુશન પોઈન્ટ'માંથી મની ટ્રાન્સફર તેમજ નાણા સ્વાઈપ મશીનથી કરેલાનું જણાઈ આવતા સ્થાનિક પોલીસની મદદ લઈ ઈ-કોમર્સ સાયબર કાફે તપાસ કરતા બીજા અન્ય આજાબાજુના શોપમાંથી નાણા સ્વાઈપ થયાની માહિતી મળતા નાઈજેરીયન ગેંગ હોવાનું જણાઈ આવતા શકમંદ ઈસમો ઉપર વોચ રાખી તેઓના રહેણાંક સ્થળે છાપો મારતા બે નાઈજેરીયન તેમજ અન્ય ત્રણ સાયબર કાફેવાળા ઈસમો એમ કુલ-૫ ઈસમોને પકડી પાડેલ છે અને આરોપીઓ રીમાન્ડ ઉપર છે અને ગેંગમાં અન્ય ગુન્હાઓની આચરેલા છે કેમ કેમ જેની હાલમાં તપાસ ચાલુ છે. આમ સાયબર સેલ મહેસાણા તથા વિસનગર શહેર પો.સ્ટે.ની સંયુક્ત ટીમે નાઈજેરીયન ગેંગને પકડી પાડવામાં વધુ એક સફળતા મળેલ છે.

રાજુલાનાં શહેરી વિસ્તારમાં ત્રણ વનરાજા ઘૂસી ગયા

અમદાવાદ, તા.૧૫

અમરેલીના રાજુલા પંથકના ત્રણ સિંહો સૌપ્રથમવાર શહેરી વિસ્તારમાં જોવા મળ્યા હતા. રાજુલા શહેરના હિંડોરણા રોડ પર આવેલા એક મારબલના કારખાના પાસે ત્રણ સિંહો ઘૂસી આવ્યા હતા. જેમાંથી એક સિંહ મારબલના કારખાનામાં દિવાલ ફેન્સીંગ કૂદી અંદર ઘૂસી ગયો હતો. એટલું જ નહી, આ સિંહે કારખાનામાં એકલા ગુસ્સે ભરાઈને મારબલના કારખાનામાં ધમાલ-મસ્તી અને તોડફોડ મચાવી હતી, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બાદમાં સિંહ દીવાલ પર ચડી ફેન્સીંગ તોડી પાછળની સાઈડથી સિંહ નીકળી ગયા હતો. બીજા બે સિંહો એ પહેલાં જ કારખાના પાસેની દિવાલ નજીકથી નીકળી ગયા હતા.

બીજીબાજ, નરસિંહનો વાડીમાં વહેલી સવારે લટાર મારતો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ભારે ચર્ચા ચાલી હતી. આ સમગ્ર ઘટના અંગે મારબલના સંચાલક વિપુલભાઈ ગેડિયાને ફોન કરી જાણ કરાઈ હતી અને ત્યારબાદ વિપુલભાઈ ગેડિયા ત્યાં દોડી આવ્યા હતા. બાદમાં રાજુલા વનવિભાગને જાણ કરાઈ હતી અને વનવિભાગની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગે તપાસ શરૂ કરી હતી. સિંહો કેવી રીતે શહેર તરફ આવી ગયા, સિંહોના સગડ પણ અહીં મળી આવ્યા હતા. તેના આધારે તપાસ કરાઈ રહી છે. સિંહો ક્યાં વિસ્તારમાં ગયા તેને લઈને વનવિભાગ પણ તપાસ કરી રહ્યું છે.

અધુરી રહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાની વાતો પણ ખૂણે ખાંચરે ખાનગી ચર્ચાનો મુદ્દો બની છે.

જો કે બીજી તરફ એવી પણ વાત રજુ કરાઈ રહી છે કે તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકોની જગ્યાઓ સંખ્યાબંધ ખાલી પડી છે એટલુ જ નહિ એક-એક તલાટી પાસેથી બે થી વધુ સેજાના ચાર્જ છે આ ઉપરાંત સરકારના વિવિધ કાર્યક્રમો જે ચાલી રહ્યા છે તેમાં પણ જે છે તેમને વધારાનો કાર્યબોજ એટલો છે કે પહોંચી વળવુ શક્ય નથી. જો કે હવે બે વર્ષ પછી પણ આ ગણતરી ક્યારે પુરી થશે એ તો સમય જ કહી શકશે. પરંતુ હાલ રાજ્ય વિધાનસભાનું સત્ર ચાલુ છે ત્યારે સરકારના એક વિભાગે ક્ષેત્રીય કર્મચાઋરીઓને સહયોગ મળતો નથી તેવી રજુઆતને અગ્રતા આપી અન્ય કેડરના ક્ષેત્રીય કર્મયોગીઓને સહકાર આપવા આદેશાત્મક આદેશ કરવા પડે તે તંત્ર કેટલુ ખોડંગાયેલુ છે તેની પ્રતીતી કરાવે છે.

રાઈડ્સ બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખરાઈ બાદ જ રાજયભરમાં હવે રાઈડ્સ શરૂ કરી શકાશે અમદાવાદનાં કાંકરિયામાં બનેલી દુર્ઘટના બાદ હવે વડોદરા, સુરત, રાજકોટ અને જામનગરમાં પણ મેળાની રાઈડ્ઝનું ચેકિંગ કરવા તંત્રએ આદેશો આપી દીધા છે. એટલું જ નહી, મિકેનિકલ રાઈડઝ માટે માર્ગ મકાન વિભાગ તરફથી સર્ટીફિકેટ લેવા માટે પણ કડક સૂચના આપી છે. રાજકોટના રેસકોર્સ પર આવેલા ફનવર્લ્ડમાં પણ રાઈડઝ માટે સર્ટિફિકેટ લેવા સૂચના અપાઈ છે. આ સાથે જ કડક તાકીદ કરાઈ છે કે, મિકેનિકલ રાઈડઝનું મેન્ટેનન્સ કરવા અને આરએન્ડબી પાસેથી સર્ટિફિકેટ લીધા પછી જ રાઈડ્સ ચાલુ કરી શકાશે. રાજકોટ મહાનગરપાલિકાએ તેના કાર્યક્ષેત્ર હેઠળના રેસકોર્સ ગાર્ડન, ફનવર્લ્ડ વગેરે વિસ્તારોમાં કાર્યરત મોટરાઈઝડ રાઈડ્ઝના ફિટનેસ સર્ટી અને પોલીસ એન.ઓ.સી. રજુ કરવા રાઈડ્ઝ સંચાલકોને આદેશ કર્યો છે. બંછાનિધિ પાનીએ રાઈડ્ઝ સંચાલકો પાસેથી ફિટનેસ સર્ટી અને રાજકોટ શહેર પોલીસના એન.ઓ.સી. મંગાવવા સંબધિત શાખાને આદેશ કર્યો છે. આ આદેશને પગલે એસ્ટેટ વિભાગ દ્વારા રાઈડ્ઝ સંચાલકોને એક પત્ર પાઠવી એક દિવસની મર્યાદામાં આ બંને ડોક્યુમેન્ટ રજુ કરવા સુચના આપવામાં આવી છે. જ્યાં સુધી આ ડોક્યુમેન્ટ રજુ નહિ થાય ત્યાં સુધી રાઈડ્ઝ બંધ રાખવા સ્પષ્ટપણે જણાવાયું છે.

સંતોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મુદ્દાને ગંભીર ગણી વિપક્ષ કોંગ્રેસે ઉઠાવેલા પ્રશ્નોનો પુરાવો ગૃહમાં રજૂ કરે અથવા તો માફી માંગે તેવો આગ્રહ રાખ્યો હતો. સસ્તા અનાજની ગરીબો માટેની યોજનામાં બાયોમેટ્રિક ઈલેક્ટ્રીક થમ્બનો ફોટો ઉપયોગ કરીને મોરારીબાપુના નામે અનાજ લઈ જવાની ઘટના સામે સરકારે શું પગલા લીધા છે એવો પ્રશ્ન પુછતા અકળાયેલા નીતિન પટેલે ઉગ્ર થઈ વિપક્ષી નેતા પાસે આ મુદ્દાની સાબિતી માગી હતી એટલું જ નહીં રેશનકાર્ડ ગૃહમાં રજૂ કરવા તેમજ અન્ય સાબિતી આપવાની માંગ કરી હતી. તેમણે મોરારીબાપુના બચાવ કરતાં જણાવ્યું હતું કે, તમને મોરારી બાપુ જ કેમ યાદ આવે છે. વાસ્તવમાં કોંગ્રેસ હિન્દુ સંતોને બદનામ કરવાનું કાવતરું કરે છે તવો વળતો આક્ષેપ કરતા ગૃહનું વાતાવરણ ડહોળાયું હતું અને બંને પક્ષે હોબાળો મચી ગયો હતો. નીતિન પટેલે વિપક્ષી નેતા અને પ્રશ્ન કરનાર કોંગ્રેસના ધારાસભ્ય સામે માફી માગવાની અથવા પુરાવા રજુ કરવાની કડક માગણી કરી હતી. ભારે હોબાળા વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાનો મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યના ગૌરવવંતા અને પૂજનીય સંત મોરારીબાપુના નામે અનાજ સુધાર્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે વિપક્ષે પોતાના શબ્દો પાછા ખેંચવા જોઈએ.

વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સીમતલાવડી માટે એક પણ કિસ્સામાં મંજુરી નહીં

ગાંધીનગર જિલ્લામાં સીમતલાવડી બનાવવા માટે બે વર્ષમાં ૨૮ અરજીઓ આવી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે કૃષિ મંત્રીએ રજુ કરેલા લેખિત ઉત્તરમાં વધુમાં જણાંવ્યા મુજબ આ પૈકી ગાંધીનગર જિલ્લામાં એકપણ સીમતલાવડી બનાવવા માટે અરજી મંજુર કરાઈ નથી. જયારે મહેસાણા જિલ્લામાં ૧૨ અરજીઓ મંજુર કરાઈ છે. આ માટે ૫૨.૭૯ લાખની સહાય ચુકવવામાં આવી છે.

ખેડુત અકસ્માત વિમા સહાય યોજના અન્વયે ૩૭ લાખ ચુકવાયા

ખેડુત અકસ્માત વીમાની સહાય અન્વયે કુલ ૫૨ અરજીઓ આવી છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં વધુમાં વિગત આપતા જણાંવાયુ હતુ કે ખેડુત અકસ્માત વિમા સહાય યોજના અન્વયે ૩૭ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ મુજબ રૂ ૩૭ લાખની સહાય ચુકવવામાં આવી છે.

ગાંધીનગરમાં ટુરિઝમ થીમ પાર્ક બનાવવામાં આવશે નહીં

ગાંધીનગર ખાતે ટુરિઝમ થીમ પાર્ક બનાવાનુ કોઈ આયોજન છે કે કેમ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડા પ્રશ્ન સંદર્ભે પ્રવાસન મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે ગાંધીનગર ટુરિઝમ પાર્ક બનાવાનુ કોઈ આયોજન નથી માટે આનુસંગિક પ્રશ્નો પણ ઉપસ્થિત થતા નથી.

ચંદ્રયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમયમાં જાહેર કરવામાં આવનાર છે. લોન્ચિંગ વિન્ડોની અંદર લોંચ કરવાની બાબત યોગ્ય દેખાતી નથી. ચન્દ્રયાન- ૨ પર તમામની નજર હતી. આજે જો સફળ લોંચની પ્રક્રિયા રહી હોત તો એક નવો ઈતિહાસ રચાયો હતો. ચંદ્રયાન-૨નું વચન ૩૨૯૦ કિલોગ્રામ રહેશે. કાર્યક્રમ મુજબ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યા બાદ તેનું ઓર્બિટર, લેન્ડરથી અલગ થઈ જશે. ત્યારબાદ લેન્ડર ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. સાઉથ પોલની જમીન ખુબ જ સોફ્ટ રહેલી છે જેથી રોવરને મુવ કરવામાં સરળતા રહેશે. રોવરમાં છ ટાયર લાગેલા છે જેનું વજન ૨૦ કિલો છે. રોવર અને ઓર્બિટરમાં અનેક સંવેદનશીલ અતિઆધુનિક સાધનો છે જેમાં કેમેરા અને સેન્સર્સ છે. રોવર પણ અતિઆધુનિક સાધનોથી સજ્જ છે. બંને મળીને ચંદ્રની સપાટી ઉપર મળનાર ખનીજ અને અન્ય પદાર્થોના ડેટા મોકલશે જેમાં ઈસરો અભ્યાસ કરશે. ૬૦૩ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ આમા કરવામાં આવ્યો છે.

મોંઘવારી ઘટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાદ્યાન્ન ચીજવસ્તુઓ, દાળ, માંસ અને ફિશ જેવી પ્રોટીનથી સમૃદ્ધ ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયો છે. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત રિટેલ ફુગાવો જૂન ૨૦૧૮માં ૪.૯૨ ટકા હતા જ્યારે ગયા મહિનામાં ફુગાવો ૩.૦૫ ટકા હતો. રિટેલ ફુગાવો આ વર્ષે જાન્યુઆરીથી સતત વધી રહ્યો છે. જાન્યુઆરી મહિનામાં ફુગાવો ૧.૯૭ ટકા હતો. કન્ઝ્યુમર ફુગાવો ખાદ્યાન્ન ફુગાવાની વાત કરવામાં આવે તો જૂનમાં ૨.૧૭ ટકા રહ્યો છે. ખાદ્યાન્ન ફુગાવો મે મહિનામાં ૧.૮૩ ટકા રહ્યો હતો. ઈંડા, માંસ, અને ફિશ જેવા પ્રોટીન ખાદ્ય ચીજવસ્તુઓમાં મોંઘવારીનો દર જૂનમાં ૯.૦૧ ટકા રહ્યો છે જે મેમાં ૮.૧૨ ટકા હતો. ફુગાવો ઘટી જતા વ્યાજદર ઘટવાના સંકેત દેખાઈ રહ્યા છે.

સ્થિતિ ગંભીર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિ ગંભીર બનેલી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પુરથી રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી ૩૧ જિલ્લાઓ ગંભીર રીતે પ્રભાવિત થયા છે. આ પુરથી રાજ્યમાં ૨૬.૫ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. ૧૧ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૧૫૬ જેટલા ગામોમાં રહેતા ૨૬.૫ લાખથી વધુ લોકોને અસર થઈ છે. રાજ્ય સરકાર બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. અસરગ્રસ્ત તમામ લોકોને ૬૮ રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ભારે વરસાદ બાદ ઉભી થયેલી પુરની સ્થિતિના કારણે ૨૭૮૬૪ હેક્ટર પાકને નુકસાન થયું છે. રાજ્ય સરકાર દ્વારા બચાવ કામગીરી વધુ તીવ્ર કરી દેવામાં આવી છે. જે ૩૧ અસરગ્રસ્ત જિલ્લાઓ રહેલા છે તેમાં ધેમાજી, લખીમપુર, સોનિતપુર, બક્સા, બારપેટા, નાલબેરી, ચિરાંગ અને અન્ય જિલ્લાઓનો સમાવેશ થાય છે. આસામમાં પુરના પરિણામ સ્વરુપે વિશ્વપ્રસિદ્ધ કાજીરંગા નેશનલ પાર્કમાં ૭૦ ટકા પાણી ઘુસી ગયા છે. ૯૫ કેમ્પોમાં પણ પાણી ઘુસી ગયા છે. બીજી બાજુ પટનાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારના ૯ જિલ્લાઓમાં પણ પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. ઉત્તરીય વિસ્તારોમાં નેપાળના વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે પાણીની સપાટી વધી ગઈ છે. ૯ જિલ્લાઓમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. મમાં પણ પુરથી ૧૫ હજાર લોકોને અસર થઈ છે.

વિશ્વાસ મત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો બીજી બાજુ બીજેપી કર્ણાટકમાં તત્કાલ વિશ્વાસમત પર વોટ કરાવવાની માગ કરી રહી છે. જો કે વિધાનસભાના અધ્યક્ષે વિશ્વાસમતને ત્રણ દિવસ સુધી ટાળીને સરકાર બચાવવાની અંતિમ કોશિશ કરી છે. અને જો સુપ્રીમ કોર્ટ મંગળવારે સ્પીકરને સ્વતંત્રાપૂર્વક કામ કરવાની અનુમતિ આપે છે તો ગઠબંધન સરકારને મદદ મળશે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સ્પીકર બાગી ધારાસભ્યોનાં રાજીનામાંનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે. સ્પીકર પાસે પક્ષપલ્ટા વિરોધી કાનૂન હેઠળ અમુક ધારાસભ્યોના અયોગ્ય ઘોષિત કરવાની પણ સત્તા છે. બીજી તરફ રાજીનામુ આપનારા કર્ણાટકના ૧૬માંથી ૧૪ ધારાસભ્યો મુંબઈની રેનેસાં હોટલમાં છે. સોમવારે તેઓએ કહ્યું કે કોંગ્રેસ અમને પ્રભાવિત કરવાના તેમજ ડરાવવાના પ્રયાસો કરે છે. ધારાસભ્યોએ મુંબઈ પોલીસને પત્ર લખીને બીજી વખત સુરક્ષાની માગ કરી છે. પત્રમાં લખ્યું છે કે ગુલામનબી આઝાદ, મલ્લિકાર્જુન ખડગે સહિતના વરિષ્ઠ નેતાઓ કે કર્ણાટક કોંગ્રેસના નેતાઓને મળવા નથી ઈચ્છતા, તેનાથી અમને જોખમ છે. સુરક્ષાના મ